**પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી**
**બિન શૈક્ષણિક કામગીરી નહીં લેવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પીઆરઇ-૧૧૦૯-યુઓઆર-૨૧-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. 24 SEP 2009

વંચાણેલીધો:-(૧) શિક્ષણ વિભાગનો તા.૧-૧૦-૧૯૯૭ના પરિપત્ર ક્રમાંક:પીઆરઇ-૧૧૯૫-૩૬૯૩-૯૭-ક,

**પરિપત્ર :-**

પ્રાથમિક શિક્ષણના કાર્યમાં અવરોધ ન પડે તે હેતુથી સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગના તા.૧-૧૦-૧૯૯૭(નકલ સામેલ છે)ના પરિપત્ર અન્વયે શિક્ષકો પાસેથી બિન શૈક્ષણિક કામગીરી નહિ લેવાની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે. અપવાદરૂપ સંજોગોમાં કોઇ વિભાગ રાજય વ્યાપી કાર્યક્રમમાં શિક્ષકોની સેવા લેવા માંગતો હોય તો શિક્ષણ વિભાગ અથવા જીલ્લા કક્ષાની કામગીરી માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને જ સોંપવાની સૂચનાઓ છે.

૨. તાજેતરમાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે દરિયા કિનારાના જિલ્લાઓમાં રાષ્ટ્રીય વસ્તી પત્રક બનાવવાની કામગીરી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની જાણ સિવાય સોંપવામાં આવી છે. જેના કારણે પ્રાથમિક શાળાના બાળકોના શિક્ષણને પ્રતિકૂળ અસર પડેલ છે. આ બાબતે રાજય પ્રાથમિક શિક્ષક સંઘે પણ અત્રે રજુઆત કરી છે. સરકારે શિક્ષણની ગુણવત્તા ઉપર ધ્યાન કેન્દ્રિત કરેલ છે. અને ચાલુ વર્ષથી ગુણોત્સવ ઉજવવાનો પણ નિર્ણય લીધેલ છે. તે સંજોગોમાં તથા સરકારશ્રીની સ્થાયી સુચનાઓથી વિરૂધ્ધ પ્રાથમિક શાળાઓના શિક્ષકોને રાષ્ટ્રીય વસ્તી પત્રકની કામગીરી સોંપવામાં આવી છે તે ઉચિત નથી. આથી જે જે જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષકોને રાષ્ટ્રીય વસ્તી પત્રકની કામગીરી સોંપવામાં આવી છે તેઓને સદર કામગીરીમાંથી તાકીદે મુકત કરવા જિલ્લા કલેકટરશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે. નિયામકશ્રી(પ્રા.શિ.) અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને જણાવવામાં આવે છે કે કોઇપણ શિક્ષક શાળાના સમય દરમ્યાન અને શિક્ષણ કાર્યને અસર પહોંચે તેમ હોય તો આ કામગીરી સ્વીકારવી નહિ. કોઇ શિક્ષક સ્વૈચ્છિક રીતે આ કામગીરી કરવા સંમત હોય તો તેઓ શાળાના સમય ઉપરાંત આ કામગીરી કરી શકશે પણ એ શરતે કે શૈક્ષણિક કાર્યને કોઇ અસર ના પહોંચે અને ગુણોત્સવ અથવા બીજા શાળા-શૈક્ષણિક મૂલ્યાંકનમાં તેઓની અને શાળાની નબળી કામગીરી માટે બીજી કામગીરીનું કારણ આપી શકશે નહિ. કોઇપણ સંજોગોમાં આ કામગીરી ફરજ સ્વરૂપે શિક્ષકને સોંપવાની નથી.

૩. કોઇપણ વિભાગે તેમની અગત્યની કામગીરી કઇ રીતે પૂર્ણ કરાવવી તે સંબંધિત વિભાગે નક્કી કરવાનું રહે છે. આમ છતાં આવી કામગીરી સંદર્ભમાં ઉલ્લેખેલ આ વિભાગના તા.૧-૧૦-

૧૯૯૭ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ ગ્રામમિત્રો, કોલેજના વિદ્યાર્થીઓ અથવા શિક્ષિત બેરોજગારોને માનદ્ વેતન આપી કરાવી શકાય છે.

૪. ઉપર મુજબની સૂચનાનું પાલન કરવા તમામ સંબંધિતોને સૂચના આપવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/ માન. રા.ક.મંત્રીશ્રીઓ/ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ કલેક્ટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, } (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, }
- નગરપાલિકા અને નગર પંચાયત. }
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- તમામ તાલુકા મામલતદારશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સિલેક્ટ ફાઈલ.